**પ્રકરણ – ૨ (નિયમ સંગ્રહ-૧)**

**સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો**

ઓર્ગેનાઇઝેશન

અગ્ર સચિવશ્રી

↓

ડાયરેકટરશ્રી

↓

જોઇન્ટ ડાયરેકટરશ્રી (વર્ગ-૧) (ચાર રીજીયનઃ અમદાવાદ / વડોદરા/સુરત/રાજકોટ)

↓

ડેપ્યુટી ડાયરેકટરશ્રી (વર્ગ-૧)

↓

આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રી ( વર્ગ-૨)

↓

ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ ઓફીસર, (વર્ગ-૨)

**પ્રસ્તાવના :-**

- નિયામક ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્ય હેઠળનું તંત્ર ગુજરાત સરકારના શ્રમ વિભાગ હેઠળ કાર્ય કરે છે.
- સક્ષમ વહીવટ અને અસરકારક નિયંત્રણ માટે રાજયને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યુ છે. અમદાવાદ,વડોદરા,સુરત અને રાજકોટ, આ વિભાગો સંયુકત નિયામક ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્યના નિયંત્રણ હેઠળ છે.
- રસાયણો, કાપડ, એસ્બેટોસ અને સિલિકાના રજકણો વગેરેની આડ અસરોનું પ્રમાણ જાણવા અને તેના પર નિયંત્રણ રાખવા માટે ઔધોગિક સ્વાસ્થ્ય (હાઇજીન) લેબોરેટરીની સ્થાપના ઔધોગિક સલામતિ અને સ્વાસ્થ્ય નિયામક હેઠળ કરવામાં આવી છે.
- વ્યાવસાયિક (ઓકયુપેશનલ) સ્વાસ્થયના નાયબ નિયામકશ્રી એના મુખ્ય અધિકારી છે. એમાં આસીસ્ટન્ટ ડાયરેકટર ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ (મેડીકલ), સર્ટીફાઇ કરનાર સર્જનો અને અન્ય ટેકનીકલ કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય તંત્ર ધ્વારા નીચેના કાયદાઓનું અમલીકરણ કરાવવામાં આવે છે.**

- કારખાનાના અધિનિયમ, ૧૯૪૮ અને તે હેઠળનાં ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ ના સુધારેલ નિયમો, ૧૯૯૫
- એન્વાયર્નમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૮૬ અને તે હેઠળના નિયમો
    - મેન્યુફેકચર્સ સ્ટોરેજ એન્ડ ઇમ્પોર્ટ ઓફ હેઝાર્ડસ કેમીકલ રૂલ્સ-૧૯૮૯.
    - કેમીકલ એકસીડન્ટ ( ઇમરજન્સી પ્લાનીંગ એન્ડ પ્રીપેર્ડનેશ એન્ડ રીસ્પોન્શ) રૂલ્સ-૧૯૯૬
- વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬ અને તે હેઠળના નિયમો
- પ્રસુતિ સહાયતા અધિનિયમ, ૧૯૬૧ અને તે હેઠળના નિયમો
- ગુજરાત અપંગ વ્યક્તિઓ (કારખાનાઓમાં રોજગારી) અધિનિયમ, ૧૯૮૨.
- ગુજરાત બેરોજગાર વળતર ભથ્થુ (કારખાનામાં રોજગારી) અધિનિયમ, ૧૯૮૧.
- મકાન અને અન્ય બાંધકામ કામદારો (રોજગારી નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ ૧૯૯૬ અને તે હેઠળનાં ગુજરાતનાં નિયમો ૨003

કારખાના અધિનિયમ ૧૯૪૮ નો ઇતિહાસ ૧૦૦ વર્ષ કરતાં પણ જૂનો છે. સૌ પ્રથમ ભારતીય કારખાના અધિનિયમ ૧૮૮૧માં અમલમાં લાવવામાં આવ્યો હતો.

- સ્વતંત્રતા બાદ ઔધોગિક કામદારોના સ્વાસ્થ્ય,સુરક્ષા કલ્યાણ અને કાર્ય કરવાની પરિસ્થિતિઓનું નિયમન કરવા કારખાના અધિનિયમ ૧૯૪૮ને અમલમાં મૂકવામાં આવ્યો.
- સમયાંતરે એમા સુધારા કરવામાં આવ્યા,પરંતુ મુખ્ય સુધારા ૧૯૭૬ અને ૧૯૮૭માં અમલમાં મૂકવામાં આવ્યા જેમાં સામાન્ય તથા રાસાયણિક સુરક્ષા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો.

- રાસાયણિક ઉધોગોની સુરક્ષાને વધુ સક્ષમ બનાવવા ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૧૯૯૫માં ગુજરાત ફેકટરી રુલ્સ,૧૯૬૩માં સુધારો કર્યો.
- કારખાના અધિનિયમ ૧૯૪૮ ના અન્વયે મહિલા કામદારોના કલ્યાણનું ધ્યાન રાખવા લેડી ઓફીસર, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની પણ નિમણૂંક કરવામાં આવી છે. કારખાના અધિનિયમ ના કાર્ય માટે બધા નિરીક્ષકોને મદદનીશ સરકારી વકીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે.
- નિયામક,ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્યને એન્વાયર્નમેન્ટ પ્રોટેકશન એકટ ૧૯૮૬ તથા જોખમી રસાયણોના ઉત્પાદન,સંગ્રહ અને વહન (હેરફેર)ના કાયદા ૧૯૮૯ના ૧૯૯૪ના સુધારા અન્વયે સત્તાધીશ જાહેર કરવામાં આવ્યા છે.
- એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ ૧૯૮૬ હેઠળ,ભારત સરકારે રસાયણિક અકસ્માતો (તાકિદના આયોજન,તૈયારી અને પ્રતિભાવ) ના કાયદા ૧૯૮૬ ઘડયા છે.જેમા ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય તંત્રના અધિકારીઓ આખાયે રાજયમાં આ કાયદા અન્વયે બનેલ, જુદા જુદા કટોકટી માટેના જૂથોના સભ્ય સચિવ તરીકે ફરજ બજાવે છે.
- જયાં સુધી કારખાના અધિનિયમ,૧૯૪૮ના હેઠળ નોંધાયેલ ઉધોગોને લાગે વળગે છે ત્યાં સુધી વેતન ચૂકવણી એકટ,૧૯૩૬ હેઠળ ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય તંત્રના અધિકારીઓને કાયદાના અસર કારક અમલ માટે વેતન ચૂકવણી નિરીક્ષક તરીકે પણ નિમણૂંક કરવામાં આવી છે.પ્રસુતિ સહાયતા ધારો ૧૯૬૧ હેઠળ આ તંત્રના અધિકારીઓને પણ નિરીક્ષકો તરીકે જાહેર કરવામાં આવ્યા છે.
- ગુજરાત સરકારે,ગુજરાત શારીરિક અપંગ વ્યકિતઓ(જેઓ ઉધોગોમાં નોકરી પર હોય)માટે એકટ,૧૯૮૬ ઘડયો છે. આ કાયદાકિય જોગવાઇ હેઠળ બધા નિયામકોને,આ એકટના અમલી કરણ માટે,નિરીક્ષક તરીકે નિમવામાં આવ્યા છે. ૧૦૦ કે તેથી વધુ કામદારોને નોકરીમાં રાખ્યા હોય તેવા ઉધોગોને આ કાયદો લાગુ પડે છે.આ કાયદાની જોગવાઇ હેઠળ ઉધોગોના માલિકોએ કુલ રોજગારીના ૧ ટકા જેટલી શારીરિક રીતે અપંગ વ્યકિતઓ માટે,ફાળવણી કરવી જોઇએ અને રોજગારી આપવી જોઇએ.
- ગુજરાત સરકારે ગુજરાત કામદારો (ઉધોગોના)ને માટે બેકારી ભથ્થા ચૂકવણી કાયદો ૧૯૮૭ પણ ઘડયો છે. જો સરકાર ધ્વારા વીજ કાપ જાહેર કરવામાં આવ્યો હોય, તો ઉધોગના માલિકે વીજકાપ હોય ત્યારે અને કામ કરવાની કાયમી જગ્યાથી ૪ કિ.મી.અંદર જો શ્રમયોગીને કોઇ વૈકલ્પિક કામ આપી ન શકે,તો શ્રમયોગીને ૫૦ ટકા વેતન આપવુ પડે.આ પાંખ આ કાયદાના અમલી કરણ માટે પણ ધ્યાન રાખે છે.
- આ વિભાગની કામગીરી તાંત્રીક ( ટેકનીકલ ) પ્રકારની હોઇ નિયુકત અધિકારીઓ ઇજનેરીની વિવિધ શાખાઓની લાયકાત ધરાવતાં ઇજનેરો છે.રાજયમાં રાસાયણિક ઉધોગોની વધુ ઘનતાને અનુલક્ષીને દરેક વિભાગ(રીજીયન)માં વિવિધલક્ષી તજજ્ઞો (સ્પેશ્યાલીસ્ટ)ના એકમની રચના કરી છે. જેનું નેતૃત્વ ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્યના સંયુકત નિયામકશ્રી કરે છે.

- રાસાયણિક ઉધોગોના જોખમો અને સુરક્ષા બાબતે,ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્યના નિયામકને મદદ કરવા તથાં સલાહ આપવા મદદનીશ નિયામક ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય (કેમીકલ) ની નિમણૂંક કરવામાં આવી છે.
- અમદાવાદ અને વડોદરા વિભાગમાં કાયદાકિય બાબતોમાં મદદ માટે કાયદા અધિકારીની નિમણૂંકો કરવામાં આવી છે.

**હેતુ :-**

- ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્યના નિયામકની કચેરીના મુખ્ય હેતુઓ અસરકારક રીતે કારખાના અધિનિયમ અને બીજા શ્રમ કાયદાઓનો અમલ કરાવીને,ઉધોગોમાં કામ કરતાં શ્રમયોગીઓની સુરક્ષા,સ્વાસ્થ્ય,કલ્યાણ અને કાર્ય કરવાની પરિસ્થિતિની જાળવણી કરવી.એ શ્રમયોગીઓના હકકોની સુરક્ષા અને તેમની ફરિયાદોનો ઉકેલ લાવવાની ખાતરી કરવી.
- ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય પાંખ, બિન સલામત સ્થિતિઓ, કાર્યો અને સંજોગોને નિવારવા માટે નિરીક્ષણ કરે છે અને સલાહ આપે છે. જે ઉધોગોમાં જોખમી રસાયણોની પ્રક્રિયા થતી હોય,એમા નિયમિત રીતે નમૂનાઓ લઇને તથા એવી પ્રક્રિયાઓમાં જોડાયેલ શ્રમયોગીઓના નિયમિત તબીબી તપાસ ધ્વારા એવા ઉધોગો ઉપર સતત ધ્યાન રાખે છે.
- જોખમી ઉધોગોના વધુ સધન ક્ષેત્ર માટે બનાવાયેલ હોનારત નિયંત્રણ આયોજનની મદદથી કોઇ મોટી ઔધોગિક હોનારત સર્જાતી અટકાવવાનો ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય પાંખનો હેતુ છે. ઉપરાંત એક બીજાને મદદરુપ થવાની પ્રણાલી વિકસીત કરવાની કલ્પનાને પ્રોત્સાહન કરવાનો પણ ધ્યેય હોય છે.આ પ્રણાલિ ખાસ કરીને લધુ ઉધોગો માટે ઉપયોગી થઇ પડે છે.
- સુરક્ષિત કાર્ય પરિસ્થિતિઓના નિર્માણ માટે દરેક માટે મિત્ર, તત્વચિંતક અને માર્ગદર્શકની ભૂમિકા નિભાવવાનો ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય પાંખનો હેતુ છે.

**દૂર દ્રષ્ટિ :-**

- ગુજરાત રાજયના ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય નિયામક,સમાજના નબળા વર્ગ(ઔધોગિક શ્રમયોગી)ના સુધારા તથા ઉધ્ધાર માટે વિવિધ શ્રમ કાયદાઓ અમલમાં મૂકાવે છે.
- આઇ.એલ.ઓ ધ્વારા સમયાંતરે યોજાતા વિવિધ સંમેલનોના રુપે અપાતાં માર્ગદર્શનો ને વિભાગ અનુસરે છે કારણકે શ્રમ કાયદાઓ સામાજિક સુરક્ષાના ભાગ હેઠળ ઘડાયેલ છે.
- ઔધોગિક રીતે ગુજરાતરાજય દેશનું એક અગ્રેસર રાજય છે. ઉધોગોના હિતો સુરક્ષિત રાખવાનો અભિગમ પણ ખ્યાલમાં રખાય છે. કારણકે એથી સમાજ માટે વધુ રોજગારીની તક ઊભી થાય છે.
- વૈશ્વિક સ્પર્ધા અને દેશના હિતમાં ફકત શ્રમયોગીનું હિત જળવાય અને ઉધોગોનો વિકાસ થતો રહે એટલુ જ નહિ,પણ પર્યાવરણીય સંતુલન જાળવવા પર્યાવરણનું પણ એટલુ જ જરુરી થઇ પડયું છે.

- લઘુ ઉધોગો માટે સરળ વહીવટી કાર્ય પધ્ધતિઓ પૂરી પડાય એવી આ વિભાગની દૂર દ્રષ્ટિ છે. જુદા જુદા કાયદાઓ અન્વયે વળતર મેળવવાની ખાત્રી રાખવાનો,આ વિભાગનો સતત અભિગમ રહ્યો છે.
- આ વિભાગ કોમ્પ્યુટીકરણ અને ડેટા બેંક વ્યવસ્થાપન કરવા તરફ પગલા લઇ રહ્યું છે. જેના થકી સક્ષમ વ્યવસ્થાપન અને પારદર્શિતા મળશે.
- આ બાબતને બધા નિયામકશ્રી ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્યનાં તાબા હેઠળની તમામ કચેરીઓના કોમ્પ્યુટરોને વાઇડ એરીયા નેટવર્ક ધ્વારા સાંકળી લેવાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.
- રાજયમાં રસાયણિક ઉધોગો કૂદકે ને ભૂસકે વધી રહયા છે. જેના લીધે સુધરેલા સુરક્ષા પરિણામો તૈયાર કરવાની જરુરિયાત ઊભી થઇ છે. આ હેતુ સિધ્ધ કરવા, શ્રમયોગીઓ, મેનેજમેન્ટ અને સામાન્ય જનતા તથા પાંખના અધિકારીઓ માટે સુરક્ષા કાર્યક્રમો યોજવા તથા પ્રસરાવવા માટે વિભાગ વિચારી રહ્યો છે.
- અમને ખાત્રી છે કે વિભાગ ધ્વારા ઉપર પ્રસ્તાવિત,લેવાના પગલાઓ થકી એક એવો સમાજ ઊભો કરીશું, જે વિકસીત દેશોમાં અમલમાં રહેલ પરિણામોની સરખામણીના હોય,જેથી કરીને આવતી પેઢી ને સમૃધ્ધ અર્થતંત્ર મળે.

**ધ્યેય :-**

- ઔધોગિક સુરક્ષા અને સ્વાસ્થ્ય નિયામક કચેરીનુ ધ્યેય વિવિધ કાયદાઆનું અસરકારક અમલીકરણ અને શ્રમયોગીઆ ેની સુરક્ષા તથા સ્વાસ્થ્યની જાળવણી.
- એણે એની પણ ખાત્રી કરવાની છે કે શ્રમયોગી શકય એટલી સારી પરિસ્થિતિમાં કાર્ય કરે અને તેમની મૂળભૂત જરુરીયાતો સંતોષાય.
- શ્રમયોગીઓના દુઃખ અને દર્દો દૂર કરવા કારખાનામાં અકસ્માત નિવારણ ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે.
- ઉપરાંત આધુનિક વ્યવસ્થાપન પધ્ધતિઓ અપનાવીને શ્રમયોગીઓનું કલ્યાણ સિધ્ધ કરવું જોઇએ.જેનાથી શ્રમયોગીઓ,સુપરવાઇઝરો અને વ્યવસ્થાપકો વચ્ચે ભાઇચારાની ભાવના પેદા થઇ એ કલ્યાણકારી રાજય બનાવશે.
- વિભાગનું એ સૂત્ર છે કે સુખી શ્રમયોગી એટલે સુખી ગુજરાત. જે રાજયનું મુખ્ય સૂત્ર આપણું ગુજરાત,આગવુ ગુજરાતને પૂરક બની રહે છે.